ગાંધીનગર સમાચાર

સે-૨૩માં શહેરનું પ્રથમ કેશલેસ પાન પાર્લર...!!

@ગાંધીનગર

● ગાંધીનગર વસાહતી બેતાલીસ ગામ વણકર સમાજનો જીવનસાથી પંસદગી સંમેલન સવારે ૯ થી ૧ કલાક દરમિયાન સે-૧૨ આંબેડકર હોલ ખાતે યોજાશે.

● રોહિત સમાજના આગેવાનોની બેઠક બપોરે ૧.૦૦ કલાકે સે-૬ સંત રોહિદાસ સેવા સમાજ ભવન ખાતે યોજાશે.

● સે-૨૮ નવરાત્રી ચોક ખાતે આયોજીત શિવકથામાં શિવ-પાર્વતિ વિવાહ મહોત્સવ ઉજવાશે.

● ત્રિદલ સંસ્થા દ્વારા 'લોક સાહિત્યનો આપણો અમર વારસો' વિષય પર જાહેર વાર્તાલાપ સાંજે ૪.૦૦ કલાકે સે-૨૧ પ્લોટ નં. ૭૯૦/૧ એ, નમન એપાર્ટમેન્ટ મહારાષ્ટ્ર ભવન ખાતે યોજાશે.

● માં મેલડી આનંદ ગરબા મંડળના શ્રીમતી મધુબેન કડીકરના મધુર કંઠે આનંદનો ગરબો બળવંતરાય ડી. મહેતા તરફથી સે-૧૩ લીમ્બચ માતાના મંદિરે રાત્રે ૮ થી ૧૧ કલાક સુધી યોજાશે.

● વિસાનગરા નાગર પરિવારનો ૨ ઉમો સ્નેહમિલન તથા પારિતોષિક વિતરણ સમારોહ બપોરે ૩.૩૦ કલાકે સ્ટાફ ટ્રેનિંગ ઈજનેરી કોલેજ ખાતે યોજાશે.

● કુડાસણ ખાતે સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કુલમાં સવારે ૮.૦૦ કલાકે પેરેન્ટસ સ્પોર્ટસ ડે ઉજવાશે.

જુના સેકટરોમાં બીએસએનએલની ઈન્ટરનેટ સેવા ખોરવાઈ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના જુના સેકટરોમાં છેલ્લા કેટલાક દિવસોથી ભારત સંચાર નિગમ લિમિટેડની ઈન્ટરનેટ સેવા ખોટવાઈ જતા નેટ સેવાના ગ્રાહકોને ભારે પરેશાની વેઠવાનો વારો આવે છે. નગરના છેવાડાના સે-૨૮, ૨૯ અને ૩૦માં આંતરે દિવસે નેટ સેવા બંધ થાય છે. અત્યારના કોમ્પ્યુટર યુગમાં બંધ રહેતી નેટ સેવા સત્વરે કાર્યરત થાય તેમ નાગરીકો ઈચ્છી રહ્યા છે.

ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી નોટબંધી બાદ સમગ્ર ભારતને કેશલેસ ઈકોનોમી તરફ લઈ જઈ રહ્યા છે. નાગરીકોને નાના-મોટા તમામ વ્યવ્હાર કેશલેસ કરવા પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. દરેક રાજયમાં જિલ્લા તંત્ર દ્વારા નાગરીકોને કેવી રીતે કેશલેસ વ્યવ્હાર કરવા તેની સવિસ્તાર માહિતી આપવામાં આવી રહી છે. આ કેશલેસ વ્યવ્હાર માટે સૌ પ્રથમ અગત્યની ઈન્ટરનેટ સેવા છે. ભારતમાં વિવિધ કંપની ઈન્ટરનેટ સેવા પુરી પાડે છે. ત્યારે ભારતીય સંચાર નિગમ લિમિટેડ દ્વારા પણ હાઈસ્પીડ ઈન્ટરનેટ સેવા આપવામાં આવે છે. ઓછા ખર્ચે વિવિધ પ્લાનની ઓફર મળે છે તેમજ ફોનની સુવિધા પણ મળે છે. જેથી નાગરીકો બીએસએનએલની સેવાને પસંદ કરે છે. ત્યારે ગાંધીનગર શહેરના જુના સેકટરોમાં છેલ્લા કેટલાય દિવસથી ઈન્ટર નેટ સેવામાં ખામી સર્જાવા પામી છે. સેકટરમાં રીપેરીંગ કામ હાથ ધરવામાં આવતા નેટ સેવા થોડીવાર માટે ચાલુ-બંધ થયા કરે છે. જેને પગલે ઈન્ટરનેટ ધરાવતા ગ્રાહકોમાં રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે બીએસએનએલ દ્વારા ગ્રાહકોની ફરિયાદને ગંભીરતાથી ના લેતા હોવાને પગલે શહેરમાંથી કેટલાક નાગરીકોએ ટેલીફોન સેવા પણ બંધ કરવાની ફરજ પડી છે. ત્યારે ઈન્ટરનેટ સેવા સત્વરે શરુ નહી થાય તો નેટના ગ્રાહકો છે તેમાંથી પણ ઘટી જાય તો નવાઈ નહી. શહેરના સે-૨૮, ૨૯, અને ૩૦ માં રહેતા નાગરીકો ભારત સંચાર નિગમની ઈન્ટરનેટ સેવાથી તોબા પોંકારી ઉઠ્યા છે.

વાતવાતમાં

● શહેરમાં આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને તડામાર તૈયારીઓ હાથ ધરાઈ છે. જેમાં ગ રોડને સિકસલેન કરવાનું કાર્ય પૂર્ણ કરવા યુધ્ધના ધોરણે કામ કરાઈ રહ્યું છે. જો કે આ કાર્ય દરમિયાન સાઈડમાં ખોદાયેલા રોડથી બચવા કોઈ ઈન્ડિકેટર્સ લગાડાતા ના હોવાથી આ માર્ગે પસાર થતા વાહનચાલકો માટે ખાસ કરીને રાત્રિના સમયે ગંભીર ખતરો તોળાઈ રહ્યો છે.

● શહેરની શાળાઓમાં વાર્ષિકોત્સવ તથા રમતોત્સવના આયોજનની મૌસમ પુરબહારમાં ખિલી ઉઠી છે. આ સાથે સરકારી શાળાઓમાં બાળ મેળાના આયોજનો પણ હાથ ધરાઈ રહ્યા છે.

● શિયાળાની ઋતુ હોવાથી શનિ રવિની રજાના દિવસોમાં શહેરના ખુલ્લા મેદાનો ક્રિકેટ, વોલીબોલ, ફુટબોલ જેવી રમતો રમતા ખેલાડીઓથી ઉભરાઈ રહ્યા છે. શહેરનો યુવા વર્ગ આ ઋતુમાં શારિરીક વ્યાયામ સાથે રમત-ગમતને પ્રાધાન્ય વધુ આપતો જોવાઈ રહ્યો છે.

હોસ્પિટલના એકસ-રે વિભાગમાં દર્દીઓનો હોબાળો

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એકસ-રે વિભાગમાં વર્ષોથી ફરજ બજાવતા ૧૦ અનુભવી કર્મચારીઓને હાંકી કઢાયા છે. ત્યારબાદ તંત્ર દ્વારા વિવિધ અધ્યંતન મશીનો પર ટ્રેનીંગ પામેલા કવોલીફાઈડ કર્મચારીઓને નિમણુંક આપવામાં આવી છે. છતા આજે કવોલીફાઈડ કર્મચારીઓએ એક એક દર્દીના એકસ-રે નિકાળવા માટે પાંચ થી વધુ એકસ-રે નીકાળ્યા હતા. જયારે શનિવાર હોવાથી ઓપીડી વિભાગ પણ બપોરે ૧ કલાક સુધી કાર્યરત રહે છે. ત્યારે દર્દીઓને સમયસર એકસ-રે નહી નીકળતા સોમવારનો ધક્કો રહ્યો હતો. તદ ઉપરાંત કલાકો સુધી લાઈનમાં બેસી રહ્યા બાદ પણ પોતાનો વારો નહી આવતા દર્દીઓએ એકસ-રે વિભાગમાં હંગામો મચાવ્યો હતો. આ હંગામાને પગલે ઉચ્ચ અધિકારીઓ પણ એક સમયે નીચે દોડી આવ્યા હતા.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજારો દર્દીઓ વિવિધ રોગની સારવારઅર્થે આવે છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સંકુલ કરોડો રૂપીયાના ખર્ચે તૈયાર કરવામાં આવી છે પરંતુ દર્દીઓને મળતી માળખાકીય સુવિધામાં કોઈપણ જાતનો ફેરફાર સિવિલ સત્તાધિશો દ્વારા કરવામાં આવતો નથી. આરોગ્ય વિભાગ દ્વારા રાજયની પ્રજાને આરોગ્યલક્ષી સેવા પુરી પાડવા માટે પ્રયત્નો હાથ ધરાઈ રહ્યા છે. ત્યારે પાટનગરની હોસ્પિટલમાં જ રોજ ધાંધિયા ઉભા થાય છે. સીટીસ્કેન મશીન તો બંધ થયા બાદ ફરીવાર શરુ થયું નથી. ત્યારે દર્દીઓને સીટીસ્કેન માટે અમદાવાદ લાંબા થવુ પડે છે. એકસ-રે વિભાગમાં પણ અનુભવી કર્મચારીઓને તંત્ર દ્વારા કવોલીફાઈડ નથી તેમ કહીને હાંકી કઢયા છે. ત્યારે કવોલીફાઈડ હાજર થયેલા કર્મચારીઓ દર્દીઓની લાંબી લાઈનો જોઈ ગભરાઈ ગયા હોય તેમ લાગી રહ્યું હતું. વિવિધ મોંઘા એકસ-રે વિભાગના મશીન પર તાલિમ મેળવેલા કર્મચારીઓ સિવિલના મશીન ઓપરેટ કરી શકયા નહોતા તેવું દર્દીઓ કહી રહ્યા છે. અને મોટાભાગના દર્દીના પાંચથી વધુ વાર એકસ-રે પાડવામાં આવતા અણઘડ કર્મીઓને લઈને અન્ય દર્દીઓ પણ રફુચક્કર થઈ ગયા હતા.

ગાંધીનગરના સે-૭ની સરકારી શાળામાં લાયોનેસ કલબ દ્વારા બાળકોના દાંતની તપાસ શિબિર યોજાઈ હતી. જેમાં બાળકોના દાંતની ચકાસણી કરવા સાથે તેમને ટુથપેસ્ટ ટુથબ્રશનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં બાળકોના દાંત ચકાસણીની સેવા ડો. ચાંદની પટેલે આપી હતી. આ શિબિરમાં લાયોનેસ કલબના પ્રમુખ દેવલબેન જોષી, સેક્રેટરી મિત્તલ રાણા, એરિયા કો ચેરપર્સન વૈશાલીબેન જોષી તથા અન્ય સભ્ય બહેનો, શાળાના આચાર્ય તથા કર્મચારી ગણ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે સે-૭ની સરકારી શાળા લાયોનેસ કલબ દ્વારા દત્તક લેવાઈ છે.

શહેર વસાહત મહામંડળે અંતરિયાળ વિસ્તારના ૩ હજાર વિદ્યાર્થીઓને ગરમ વસ્ત્રોની હૂંફ પુરી પાડી

ગાંધીનગર, તા.૨૪

ગુજરાત રાજયના છેવાડાનો રાજસ્થાન સરહદનો અરવલ્લી જિલ્લો અને તેના મોડાસા તથા મેઘરજ તાલુકાના છેવાડાના ગામોમાં સરકારી શાળામાં અભ્યાસ કરતા જરુરતમંદ લોકોને ઠંડીમાં હુંફ પહોંચાડવાનું કામ કરતું ગાંધીનગર શહેર વસાહત મહામંડળ તથા અરુણોદય સેવા ટ્રસ્ટ દ્વારા ૧૯૯૧થી સેવાસેતુ બંધાયેલ છે અને પ્રતિવર્ષ તે તરફની શાળાઓની માંગણી મુજબ ગરમવસ્ત્રોનું વિતરણ મહામંડળના સેવા સૈનિકો રુબરુ જઈ પહોંચાડી રહ્યા છે જે સુવિદિત છે.

મેઘરજ અને મોડાસા વિસ્તારની ૨૯ પ્રાથમિક, માધ્યમિક, પોલીટેકનીકના ૩૦૦૦ વિદ્યાર્થીઓને ટોપી, સ્કાફ, સ્વેટર્સ પહોચાડી હુંફ આપવાનો પ્રયાસ કરવામાં મહામંડળના પ્રમુખ અરુણ બુચ, ઉપપ્રમુખ મયુર વ્યાસ, મંત્રીઓ શશીકાંત મોઢા અને નિલેન્દુ વોરા રુબરુ જઈ આ સેવા સેતુમાં જોડાયા હતા.

મોડાસા ખાતે લાયન્સ કલબ મોડાસા સંચાલિત બહેરા મુંગા શાળાઓ તથા પોલીટેકનીકમાં અભ્યાસ કરતા જરુરતમંદ કુમાર-કન્યાઓને સહાય પહોંચાડી હતી. જેમાં ડૉ. ટી.બી. પટેલ અને કીરીટભાઈ સુથાય દ્વારા વ્યવસ્થા અને સંકલન કરવામાં આવ્યું હતું.

મેઘરજ તાલુકાની ૨૭ શાળાઓ જેમાં મેઘરજ સેવામંડળ, કસાણા ખાતે ૧૩ શાળાઓ જેમાં શબરી કન્યા વિદ્યાલય, વિશ્વવત્સલ મા. શાળા, બાલવાડીઓ ઉપરાંત તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલ અન્ય ૧૧ શાળાઓ જેમાં ગોરવડા, નાળ, જોધપુર, ગોધાફળિયા, ઘરોલી, મોહલી, ઘાટા, અંતોલી, આદર્શ પાદરમહુડી ઉકરડી, વડથલી, હનુમાનકંપા, રોલા, કસાણા, ઉકરડી, નવી વાંક સહિત ૨૯ શાળાઓમાં જરુરતમંદ લોકોને સહાય પહોંચાડવામાં આવી હતી.

સેવા મંડળ મેઘરજના નંદલાલભાઈ દોશી, મોતીસિંહ ચૌહાણ તથા જગદીશભાઈ દોશી ઉપસ્થિત રહી વ્યવસ્થામાં સાથે જોડાયા હતા તેજ રીતે તાલુકાની અંતરિયાળ શાળાઓમાં બદાભાઈ મનાત, ગંગાબેન મનાત, લાલુભાઈ આંબલીયા સહિત સેવાભાવીઓ તથા શાળાના આચાર્યશ્રીઓએ સેવાઓ આપી ગાંધીનગર શહેરના નાગરિકો અને મહામંડળની ૧૯૯૧થી ચાલતી સેવાનો દોર જાળવી રાખવામાં સહાય કરી હતી. આ પ્રવાસ દરમિયાન ૨૯ શાળાઓ અને ૩૦૦૦ વિદ્યાર્થી ભાઈ બહેનોને તથા અનેક જરુરતમંદ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

ગાંધીનગરના સચિવાલય ખાતે બ્લોક નં. ૧ થી ૧૪ સુધી તમામમાં કાર્યરત શ્રમજીવીઓને આજે શહેર વસાહત મહામંડળ દ્વારા ગરમ વસ્ત્રોનું વિતરણ કરી કડકડતી ઠંડીમાં હૂંફ આપવાનું પ્રેરક કાર્ય હાથ ધરાયું હતું. આ સેવા કાર્યમાં શહેર વસાહત મહામંડળ વતી અરૂણ બુચ, બી.એ. શુકલ, શશિકાંત મોઢા, પ્રદિપ સોલંકી, ઉદય ત્રિવેદી તથા નિલેન્દુ વોરા વગેરે અગ્રણીઓ જોડાયા હતા.

સે-૨ ૩માં શહેરનું પ્રથમ કેશલેસ પાન પાર્લર...!!

નોટબંધી બાદની પરિસ્થિતિમાં એક તરફ બજારમાં વેપાર ધંધા પર અસર પડી હોવાની તથા છુટ્ટા નાણાંની તંગીના કારણે ગ્રાહકોએ ખરીદીમાં કાપ મુકયો હોવાની વાતો ચાલી રહી છે જયારે બીજી તરફ સરકાર દ્વારા 'કેશલેસ ટ્રાન્ઝેકશન' અપનાવવા પર ભાર મુકાઈ રહ્યો છે. આ સંજોગોમાં ગાંધીનગરના સે-૨ ૩માં ચર્ચ પાસેના ચીપ ટાઈપ શોપીંગ સેન્ટરમાં લાલઘર પાન પાર્લર દ્વારા સંપૂર્ણ 'કેશલેસ ટ્રાન્ઝેકશન'ની સુવિધા અપનાવી શહેરમાં અનોખી પહેલ કરી છે.

સે-૨ ૩માં ચર્ચ રોડ પર આવેલા ચીપ ટાઈપ શોપીંગ સેન્ટરમાં યોગેશભાઈ તથા ચિરાગભાઈ લાલઘર પાન પાર્લરના નામ પાન-બીડી તથા આઈસ્ક્રીમ, પેકેઝડ નમકીન, ઠંડા પીણા તથા મોબાઈલને લગતી ચીજવસ્તુઓનો સ્ટોર્સ ચલાવી રહ્યા છે. વડાપ્રધાને રૂ. ૫૦૦/૧૦૦૦ની નોટબંધીના નિર્ણયના માત્ર ૧૫ દિવસમાં જ આ બંધુઓએ કેશલેસ ટ્રાન્ઝેકશનનો વિકલ્પ અપનાવવાનું નક્કી કરી બેંકના સહયોગથી સ્વાઈપ મશીન વસાવી લીધું હતું. એટલું જ નહી પરંતુ આ સાથે તેમણે આજના યુગની જરૂરિયાત મુજબ મોબાઈલ પેમેન્ટની સુવિધા માટે પેટીએમ અને ચિલ્લર જેવી મોબાઈલ એપની સુવિધાનો પણ પ્રારંભ કરી દીધો છે. આ કારણે ગ્રાહકો તેમનું પેમેન્ટ મોબાઈલ અથવા ડેબિટ કે ક્રેડિટ કાર્ડથી કરે છે. ગાંધીનગરમાં કદાચ કેશલેસ ટ્રાન્ઝેકશન અપનાવનાર આ પહેલું પાન પાર્લર છે.

કેશલેસ ટ્રાન્ઝેકશન અપનાવવા અંગે વાત કરતા યોગેશભાઈએ જણાવ્યું હતું કે અમે સમયસર આ સુવિધા ઉભી કરી દીધી તેના કારણે અમારા ધંધાને કોઈ જ અસર નથી પહોંચી, બલ્કે અન્ય જગ્યાએ આ સુવિધા ના હોવાથી અમારો ધંધો વધ્યો છે વળી, ગ્રાહક સાથે છુટ્ટા નાણાંની રોજની નાની મોટી માથાકૂટમાંથી પણ છુટકારો મળી ગયો છે અને અમારે રોકડ રકમ સાચવવાનું જોખમ પણ રહેતું નથી. નાણા સીધા અમારા બેંક ખાતામાં જમા થાય છે જેથી અમો પણ અમારા વેપારીઓને કેશલેસ પેમેન્ટ કરી શકીએ છીએ. યોગેશભાઈએ વડાપ્રધાનના નોટબંધીના નિર્ણયને આવકારતા જણાવ્યું હતું કે આ દેશહિત માટે લેવાયેલો નિર્ણય યોગ્ય છે. દરેકે હવે સમયને પારખી જેટલું બને તેટલું જલ્દી કેશલેસ ટ્રાન્ઝેકશન અપનાવવું જોઈએ જેથી દેશમાં કાળુ નાણું પેદા થાય નહી અને ભ્રષ્ટાચારને વેગ મળે નહીં.

રક્ષાશકિત સર્કલ નજીક શ્રમજીવી બાળકોને નાતાલની ભેટ

ટેન્ટ એસ.ટી.પી. વર્ગના શ્રમજીવી બાળકોને પ્રોત્સાહિત કરવા ચંદ્રલોક સોસાયટીવાળા વાવોલના શ્રી હિતેષભાઈ તરફથી નોટબુક, પેન્સિલ, રબ્બર, સંચો, શાંતાકલોઝની ટોપી, ચોકલેટ નાતાલની ભેટ સ્વરૂપે આપી બાળકોને આનંદિક કરવામાં આવ્યા હતા. ટેન્ટ એસ.ટી.પી. વર્ગના બાલમિત્ર ભાવસાર પ્રફુલ્લાબેને તેમનો ખુબ ખુબ આભાર વ્યકત કર્યો હતો.

જીઈબી સરકારી પ્રાથમિક શાળામાં સ્વેટર વિતરણ

સરકારી પ્રાથમિક શાળા જીઈબી કોલોની ખાતે શાળાના તમામ બાળકોને સ્વેટર વિતરણ કરવામાં આવ્યું હતું. આરએનબી વિભાગના પ્રતિકભાઈ ખીમાણી, વિશાલભાઈ-અપેક્ષાબેન શાહ, કૌશિકભાઈ પ્રજાપતિ, રવિ પંચાલ, નરેશભાઈ ચૌહાણ, લક્ષ્ય ગ્રુપના સહયોગથી ધૂમકેતુભાઈ મહેતા, અભય સ્વાદિયા તથા નિવૃત્ત આઈએએસ બિપીનચંદ્ર વૈષ્ણવના સહયોગથી શાળાના ૩૫૦ જેટલા બાળકોને ઠંડીથી રક્ષણ મળે તે હેતુથી સ્વેટર વિતરણ કરવામાં આવ્યું હતું.

આચાર્યાદિમીબેન એ. વસાવડા તથા શાળા પરિવારે તમામ દાતાઓનો બાળકોને સ્વેટર આપવા બદલ હૃદયપૂર્વક આભાર વ્યકત કર્યો હતો.

'સર્વાંગી આરોગ્ય અને તેની જાળવણી' પર સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા.૨૪

નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ તથા દિવ્ય જીવન સંઘ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે આગામી તા. ૨૭ ડિસેમ્બરને મંગળવારના રોજ સવારે ૭.૩૦ થી ૮.૩૦ કલાક દરમિયાન સે-૧ ગાયત્રી મંદિરના હોલમાં 'સર્વાંગી આરોગ્ય અને તેની જાળવણી' વિષય પર સેમિનાર યોજાશે. આ સેમિનારમાં સંપૂર્ણ સ્વાસ્થ્ય પર બદલાતી જીવનશૈલીથી થતી પ્રતિકુળ અસર તથા તનાવગ્રસ્ત માનસિકતાના પ્રવર્તમાન યુગમાં સર્વાંગી આરોગ્ય, હોલીસ્ટીક હેલ્થનું મહત્વ સાથે પ્રાણાયામ અને કુદરતી ઉપચારની સવિસ્તાર માહિતી પુરી પાડવામાં આવશે. આ સેમિનારમાં સંસ્થાના સભ્યો અને નગરજનોને લાભ લેવા દિવ્ય જીવન સંઘ અને નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

ધર્નુમાસ નિમિત્તે સે-૫માં શિવકથા યોજાશે

ગાંધીનગર, તા.૨૪

ધર્નુમાસમાં દેવાધિ દેવ મહાદેવજીના ગુણોનું ગાન કરતી શિવ મહાપુરાણ કથાનું ભવ્ય આયોજન તા. ૨૯-૧૨-૧૮ થી ૪-૧-૧૭ સુધી સાત દિવસીય કથા સમય બપોરે ૨ થી ૫.૩૦ કલાક દરમિયાન નવરાત્રી ચોક રિંગરોડ, સે-૫-સી ખાતે યુવા કથાકાર ભારતીબાપુની વ્યાસ પીઠે કથા યોજાશે. જેનો લાભ લેવા સર્વે ધર્મપ્રેમી ભકતોને 'સુંદરધામ' પરિવાર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

પૂજય શાસ્ત્રી સ્વામીશ્રી હરિકેશવદાસજીનો ૬૦મો દીક્ષા તિથિ પર્વ ઉજવાયો

સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે સત્સંગ અને સમાજ સેવાની ધુણી ધખાવીને બેઠેલા પૂ. શાસ્ત્રી સ્વામી શ્રી હરિકેશવદાસજીનો ૬૦મો દીક્ષા તિથી પર્વ પ્રસંગ અનોખી રીતે ઉજવાયો હતો. આ પ્રસંગે પેથાપુરની કન્યાશાળા તથા કુમારશાળાના તમામ ઉપસ્થિત ૭૦૦ વિદ્યાર્થીઓને પેન તથા પેન્સીલ કીટ આપીને સેવાનું ઉમદા ઉદાહરણ પુરું પાડયું હતું.

નિસર્ગ દ્વારા ઊર્જા સંરક્ષણ ચિત્ર સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨૪

ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જેડા), ગાંધીનગરના સહયોગથી નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ગાંધીનગર જિલ્લામાં બાલ ઊર્જા રક્ષક દળ કાર્યક્રમ ચાલી રહ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત તા. ૨૨-૧૨-૨૦૧૬ના રોજ ઉમિયા માતાજી ભવન, સે-૧૨ ખાતે ઊર્જા સંરક્ષણ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર શહેર વિસ્તારની તેમજ ગ્રામ્ય વિસ્તારની ૬૫ પ્રાથમિક અને ઉચ્ચતર પ્રાથમિક શાળાઓના ધોરણ-૫ થી ૮ના ૨૭૫ વિદ્યાર્થીઓ તેમજ ૭૫ જેટલા શિક્ષકોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

આ સ્પર્ધાનો વિષય 'ઊર્જાનું જતન સાચું જીવન ઘડતર' રાખવામાં આવ્યો હતો. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે વત્સલ વોરા અંગત મદદનીશ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય ગાંધીનગર અને નરેન્દ્રભાઈ ચોહાણ-સાયન્ટીસ્ટ-પ્લાઝમા રીસર્ચ સેન્ટર અમદાવાદ ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધામાં ધોરણ-૫, ૬ ૭ અને ૮ એમ દરેક ધોરણમાં પ્રથમ વિજેતાને રૂ. ૫૦૦૦ રોકડા અને પ્રમાણપત્ર દ્વિતિય વિજેતાને રૂ. ૩૦૦૦ રોકડા અને પ્રમાણપત્ર તેમજ તૃતીય વિજેતાને રૂ.૧૦૦૦ રોકડા અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ રીતે કુલ ૩૬૦૦૦ રોકડા પુરસ્કાર પેટે આપવામાં આવ્યા હતા. ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પણ

પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં શિક્ષકો માટે પુનઃ પ્રાપ્ય ઉર્જા અને ઉર્જા બચત અંગે વ્યાખ્યાનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલ દ્વારા શિક્ષકોને ઊર્જા બચત અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવામાં નિસર્ગ સાયન્સ સેન્ટરના કો.ઓર્ડિનેટર્સ હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ, વિવેક મકવાણા તથા જિતેન્દ્ર ઠાકોરે ભારે જહેમત ઉઠાવી હતી.

વિજેતા વિદ્યાર્થીઓમાં ધોરણ-૫માં (૧) પરમાર જાનવી-એમ.બી. પટેલ કન્યા શાળા, સે-૨૩ (૨) અશ્વી આયુષી-વસંતકુંવરબા પ્રાથમિક શાળા, સે-૨૮ અને (૩) ચૌધરી ઋત્વા આર.-જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય સે-૭ રહ્યા હતા.

ધોરણ-૬માં (૧) પટેલ કશિષ જે.-સેંટ ઝેવિયર્સ સે-૮, (૨) વાસફોડા રોહિત જે. સરકારી પ્રાથમિક શાળા સે-૨૧, (૩) સ્વયં ડી. બાલોત્રા-સરકારી પ્રાથમિક શાળા સે-૧૬ રહ્યા હતા.

ધોરણ-૭માં વિજેતા વિદ્યાર્થીઓમાં (૧) વિહોલ દિવ્યરાજ એન.-જે.બી. પ્રાથમિક શાળા સે-૨૩, (૨) મહોમંદ ઝૈદ અન્સારી-માઉન્ટ કાર્મેલ સ્કુલ સે-૨૧, (૩) અર્ષ મલિક-માઉન્ટ કાર્મેલ સ્કુલ, સે-૨૧ રહ્યા હતા.

ધોરણ-૮માં વિજેતા વિદ્યાર્થીઓમાં (૧) મકવાણા હેત્વી એ.-એસ.જી. ઈંગ્લીશ મિડિયમ સે-૨૩, (૨) યાદવ સંજીવની એ.-માઉન્ટ કાર્મેલ સ્કુલ સે-૨૧ (૩) પટણી યતીન એમ.-જે.એમ. ચૌધરી પ્રાથમિક શાળા, સે-૭ રહ્યા હતા.

સેકટરોના આંતરિક રસ્તાઓની લાઈટો બંધ રહેતા ભારે આક્રોશ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના આંતરિક રસ્તાઓ પરની લાઈટોનું સંચાલન ટોરેન્ટ પાવર કરે છે. જે ઘણા સમયથી આંતરિક રસ્તાઓ તથા ચોકની લાઈટો બંધ રહે છે. ઘણા થાંભલાઓ બિસ્માર હાલતમાં તૂટી ગયેલ છે. લાઈટોના બોક્ષ તૂટી ગયેલ છે. થાંભલા કાટ ખાઈ ગયેલ છે. લેખિત રજુઆતો છતાં ટોરેન્ટ પાવર કોઈને ગાંઠતું નથી. જેથી જનમાનસ પર ખુબ જ ખરાબ અસર પડી રહી છે. હાલ વોર્ડ નં. ૧માં ડીમાર્ટ, જીઆઈડીસી વાળા રસ્તા, સે-૨૨, ૨૭, ૨૮ની લાઈટો તથા થાંભલાની હાલત ખરાબ છે. લાઈટો ચાલુ થાય થાંભલા રીપેર થાય તેવી માંગણી મ્યુનિસિપલ કોર્પોરેટર શ્રીમતી હર્ષાબેન જે. ધાંધલે વિવિધ ક્ષેત્રે ઉગ્ર રજુઆત કરી છે અને ના છુટકે આંદોલન કરવાની ફરજ પડશે તેમ જણાવેલ છે.

ચિરવિદાય

● સ્વ. મિથીલેશ મુકેશભાઈ શાહ, ઉ.વ. ૧૩
● સ્વ. ડાહ્યાભાઈ અમથાભાઈ રાવળ, ઉ.વ. ૫૪
● સ્વ. ચંદુભાઈ પોપટભાઈ ધરાડ, ઉ.વ. ૭૨